જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૨ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૪૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૫ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૯૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૨૧/૨૦૨૬૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૨૨/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ રજનીકાંત પ્રભુભાઇ રામાણી (ઉ.વ.૩૭) (રહે. ઓમ શાંતિ રેસીડન્સી, માનસી બંગ્લો પાસે સેવન્થ ડે સ્કુલ પાસે રીંગ રોડ નિકોલ) એ તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને–૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિરાટ હસમુખભાઇ પરમાર (રહે. શ્રીમ હાઇટસ કેલવણીધામ સામે ન્યુ ઇન્ડિયા કોલોની નવા નિકોલ) તથા તેમના ભાગીદાર (૨) અલ્કેશપુરી ગણેશપુરી ગોસ્વામી (રહે. સદગુરૂધામ, કટુડા, જીલ્લો સુરેન્દ્રનગર) તેમજ (૪) ભાર્ગવ દેવેન્દ્ર પંડ્યા (રહે. દશમો માળ સમાન્વય સીલ્વર મુંજમહુડા સર્કલ અકોટા વડોદરા) (૪) ધર્મેશ ચૌહાણ (રહે. સામવેદ ગ્રીન વેલી, સરગાસણ ગાંધીનગર) નાઓએ ભેગામળી ભાગીદારીમાં નિકોલ રતનપાર્ક રોડ ભરતનગર ટેનામેન્ટ ૫૧/૨ ખાતે DISCIPLINE T&T VENTURES PRIVATE LIMITED કંપની બનાવી એજન્ટ તરીકે રોકાણકારોને કંપનીમાં રોકાણ ઉપર માસિક ૨% વળતર આપવાનું જણાવી રાષ્ટ્રીયકૃત બેંકો કરતાં વધુ વ્યાજ તથા શરાફી વળતર કરતા વધુ વળતર આપવાની લોભામણી લાલચ આપી રોકાણકારોને રોકાણ કરેલ નાણા બે વર્ષમાં બે થી ત્રણ ગણા કરી આપવાનો વિશ્વાસ સંપાદન કરી પોતાની કંપનીના એચ.ડી.એફ.સી.બેંકના તથા આઇડીએફસી બેન્કના ખાતામાં રજનીકાંત રામાણી પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– તથા અન્ય સાહેદોના રૂપિયા ૧,૧૭,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦,૦૦૦/– રોકાણ કરાવી કેટલાક રોકાણકારો સાથે કરાર કરી શરૂઆતમાં અમુક રકમ આપી તે પછી રોકાણ પેટે વળતર આપવાનું બંધ કરી આજદીન સુધી મુડી કે વળતર નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૩ પો.ઇ.શ્રી એસ.ડી.સિસોદીયા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ અરવિંદભાઈ જેશંગભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૫) (રહે. મહાત્મા ગાંધી વસાહત ગોતા) એ તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૬ થી તા.૦૪/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વોટ્સએપ નંબર +૯૧ ૮૧૪૬૧૬૫૦૯૩ +૯૧૮૯૬૮૩૧૨૬૬૫, + ૯૧ ૮૧૯૬૮૭૧૩૫૪, +૯૧ ૭૩૪૭૬૦૮૬૫૫, +૧૫ ૮૭૮૮૫૫૨૨૧ અને ૯૧ ૮૨૬૪૫ ૧૦૮૬૭ ના ધારકોએ એ ભેગા મળી ફેસબૂક ઉપર કેનેડાના વર્ક પરમીટ વિઝા આપવાની ખોટી જાહેરાત આપી કેનેડા દેશના બનાવટી જોબ ઓફર લેટર,બનાવટી ઈમેઈલ તથા કેનેડામા વર્ક પરમીટ તથા વિઝા સ્ટીકરના ખોટા દસ્તાવેજો મોકલી ભરોશો કેળવી અલગ અલગ પ્રોસેસ પેટે અરવિંદભાઈ જેશંગભાઈ પ્રજાપતિ પાસેથી અલગ-અલગ ટ્રાંજેક્શન દ્વારા અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂપિયા ૧૭,૩૧,૨૦૦/-મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

વેજલપુરઃ ડુંગરલાલ સ/ઓ દલજીભાઇ જોગી (ઉ.વ.૪૬)(રહે.ગોકુલધામ એપાર્ટમેન્ટ, શારદા સ્કુલ પાસે, વેજલપુર) એ તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૬ સવારના ૯/૦૦ થી તા.૦૭/૧૦/૨૦૨૬ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ઇસમે ડુંગરલાલ જોગીનો મોબાઈલ ફોન હેક કરી તેમના જીવરાજ બ્રાંચ, બેંક ઓફ બરોડાના ખાતામાંથી ૯૮,૦૦૦/-, ૪૮,૦૦૦/- અને ૫૦,૦૦૦/- એમ કુલ ત્રણ ટ્રાન્ઝેકશન દ્વારા રૂપિયા ૧,૯૬,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ ડુંગરલાલ જોગી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.વાઢેર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૪૨૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ ઘાટલોડીયા અર્જુન ટાવરની બાજુમાં સૌંદર્ય એપાર્ટમેન્ટ ખાતે રહેતા સુનિલભાઈ શીતલાપ્રસાદ દીક્ષિત નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

બોડકદેવઃ બોડકદેવ રાજપથ ક્લબની બાજુમાં રાજપથ હાઈવે સોસાયટીમાં બંગ્લા નંબર-૮ ખાતે ઘરઘાટી તરીકે કામ કરતા અને ત્યાંજ સર્વન્ટ રૂમ ખાતે રહેતા કૂલીદેવી શ્યામલાલ મીણા (મુળ વતન. વોર્ડ નંબર-૪, આંબલી ફળીયુ, નિતલા માંડવા, તા.ખેરવાડા, જી.ઉદેપુર, રાજસ્થાન) નાઓની ૧૬ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સર્વન્ટ રૂમના પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

ગોમતીપુરઃ ભરતભાઇ રેવાભાઇ મકવાણા (ઉ.વ.૪૪) (રહે. કાળીદાસ માસ્ટરની ચાલી નગરી મીલ સામે રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મીન્ટેશભાઇ બળવતભાઇ ચલાવે છે.

અમરાઈવાડીઃ રખિયાલ સુખરામનગર પાણીની ટાંકી સામે સુખરામનગર સ્લમ કવાર્ટર ખાતે રહેતા રાહુલભાઈ સ/ઓ પરષોત્તમભાઈ પરમાર (ઉ.વ.૨૧) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૬ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા અમરાઈવાડી જોગણી માતાના મંદિર પાછળ અમરતલાલની ચાલી ખાતે રહેતી તેમની બહેનના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર ગોવિંદભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી